Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



શ્રી જૈન આત્માનંદ સભા

ખારગેઈટ, ભાવનગર - ૩૬૪૦૦૧

આત્મ સંવત : ૪૧/૪૨

વીર સંવત : ૨૪૬૨/૬૩

વિક્રમ સંવત :

પુસ્તક : ૩૪

સને :

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


૧ પ્રભુપ્રાર્થના ... ... ... ... ... ... ... ૧
૨ માનસસરનો હંસ ( ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા ) ... ... ૨
૩ નૂતન વર્ષનું મંગળમય વિધાન. ... ... ... ... ૩
૪ સમ્યગ્જ્ઞાનની કુંચી .. ... ... ... ... ... ૮
૫ શત્રુંજયના પવિત્ર ધામમાં ( રા. ચોકસી ) ... ... ... ૧૧
૬ "કામ" નું બળવત્તરપણું અને શીલ સુગંધ (રા. રાજપાળ મગનલાલ વહોરા) ૧૩
૭ ધાર્મિક ઉદારતા ... ... .. ( રા. પુરણચંદ્રજી નહાર. ) ૧૭
૮ પાંચ સકાર ... ... (રા. વીઠ્ઠલદાસ મૂ. શાહ) ... ... ૨૧



# શ્રી બૃહતકલ્પસૂત્ર બીજો ભાગ.

( મૂળ, ભાષ્ય, ટીકા સહિત. )

અતિમાન્ય આ છેદસૂત્રનો બીજો ભાગ પ્રાચીન ભંડારોની અનેક-લિખિત પ્રતો સાથે રાખી અથાગ પરિશ્રમ લઇ સાક્ષરવર્યો મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ તથા મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે સંશોધન કરી તૈયાર કરેલ છે.

પ્રથમ ભાગ કરતાં બાર ફોર્મનો વધારો થતાં ઘણોજ મોટો ગ્રંથ થયેલ છે અને તે સુંદર બ્લુ ઉંચા ટકાઉ કાગળ ઉપર, સુંદર શાસ્ત્રી અક્ષરોમાં, શ્રી નિર્ણયસાગર પ્રેસમાં મોટો ખર્ચ કરી છપાવેલ છે. સુશોભિત મજબુત કપડાનું બાઇંડીંગ કરાવ્યું છે. આવું પ્રાચીન સાહિત્ય સુંદર રીતે પદ્ધતિસરનું પ્રકાશન ફક્ત આ સભા જ કરે છે. જૈન જૈનેતર વિદ્વાનો અને હિંદની કોલેજના પ્રોફેસરો, પાશ્ચિમાત્ય અનેક વિદ્વાનો મુક્તકંઠે પ્રશંસા કરે છે. કિંમત રૂા. ૬-૦-૦ લેવામાં આવશે. ( પોસ્ટેજ જુદું ) ———

## શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સિરિઝના છપાતાં ગ્રંથો.

૧ શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષ ચરિત્ર ( મૂળ દશે પર્વો ) પ્રત તથા બુકાકારે. ( નિર્ણયસાગર પ્રેસમાં )

૨ ધાતુપારાયણ. ૩ શ્રી વૈરાગ્ય કલ્પલતા ( શ્રી યશોવિજયજીકૃત ) પ્રાકૃત વ્યાકરણ ઢુંઢિકાવૃતિ.

શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષ ચરિત્ર ( પ્રથમપર્વ ) તૈયાર થઇ ગયું છે. ( બુકાકારે તથા પ્રતાકારે ) બાઇંડીંગ થાય છે. આવતા માસમાં પ્રગટ થશે કિંમત રૂા. ૧-૮-૦ ( પોસ્ટેજ જુદું )


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

सम्यग्दर्शनशुद्धं यो ज्ञानं विरतिमेव चाप्नुवति ।
दुःखनिमित्तमपीदं तेन सुलब्धं भवति जन्म ॥ १ ॥

" સમ્યગ્દર્શનથી વિશુદ્ધ થયેલા જ્ઞાન અને ચારિત્રને જે પ્રાપ્ત કરે છે તે મનુષ્યનો જન્મ દુઃખનિમિત્ત હોવા છતાં સાર્થક-મુક્તિ-ગમન યોગ્ય-થાય છે. "

તત્ત્વાર્થભાષ્ય-શ્રીમદ્ ઉમાસ્વાતિ-વાચક.

पुस्तक ३४ } वीर सं. २४६२. श्रावण, आत्म सं. ४१. { अंक १ लो.

## प्रभुप्रार्थना

जयति जिनपतिः श्रीपार्श्वदेवः सदिव्य–द्रुम इव सुरसेव्यः सर्वदत्ते हितार्थः ।
मणिकुसुमसमूहं बिभ्रति यस्य मौलौ, फणिपतिफणमाला कल्पवल्लीव रेजे ॥

—જેના મસ્તક ઉપર મણિઓરૂપી પુષ્પોને ધારણ કરતા ધરણનાગેંદ્રના ફણાની શ્રેણી કલ્પલતાની જેમ શોભી રહી છે, તે કલ્પવૃક્ષની જેવા દેવોને સેવવા લાયક અને સર્વ પ્રાણીઓને વાંછિત અર્થ આપનાર શ્રી પાર્શ્વજિનેશ્વર જય પામે છે.

दृष्टेऽपि हृष्टजनलोचनचंद्रकांतमश्रांतमांतरे जलाविलमादधानः ।
चंद्रप्रभुर्जयति चंद्र इव शिवमित्रं, चित्रं पुनः शुभशताय यदष्टमोऽपि ॥

—જે દર્શનમાત્રથી હર્ષ પામતાં જનોના લોચનરૂપ ચંદ્રકાંતને સતત આંતરજળપ્રમોદયુક્ત બનાવનાર એવા શ્રી **ચંદ્રપ્રભસ્વામી** શિવમિત્ર ચંદ્રની જેમ જયવંત વર્તે છે. આ આઠમા જિનેશ્વર આઠમા અંકે હોવા છતાં અનેક શ્રેય કરનાર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માનસસરનો હંસ.

અરે હો ! [1]માનસસરના હંસ ! અતિશે ઉન્નત છે તમ વંશ;
નિર્મલ ઉજ્જવલ શુભ્ર માનસે, જરી ન ધરજો દંશ...અરે હો૦ ૧

રાગરંગ રંજિત[2] માનસમાં, કદી ન રમજો હંસ !
રખે તમારા ઉજ્જવલ અંગે, લાગે રક્તતા[3] અંશ...અરે હો૦ ૨

દ્વેષ દોષ દૂષિત માનસમાં, કદી ન ઝીલજો હંસ !
દ્વેષાનલ તો કરે તમારા, ઉચ્ચ [4]વંશનો ધ્વંસ[5]...અરે હો૦ ૩

ક્લિષ્ટ કષાયે કલુષ માનસે, કદી ન વસજો હંસ !
રખે તમારા નિર્મળ દેહે, લાગે મલનો અંશ...અરે હો૦ ૪

વિષય વિષથી વિષમ માનસે, કદી ન વસજો હંસ !
રખે તમારા અમૃત તનને, ઇચ્છે કાળ [6]નૃશંસ...અરે હો૦ ૫

ક્ષીર-નીરના વિવેક કરણે, તમે નિપુણ છો હંસ !
દિગંત વ્યાપ્યો એમ તમારો, કીર્તિનો અવતંસ...અરે હો૦ ૬

નિર્મલ ઉજ્જવલ માનસનીરે, ભલે ઝીલજો હંસ !
[7]શ્લાઘ્ય તમારા કુલની જેથી, સાચી ઠરે પ્રશંસ...અરે હો૦ ૭

સ્ફટિક સમા વિશદ[8] માનસમાં, ભલે વિહરજો હંસ !
પ્રસન્નતા જેથી ઉદ્ભવશે, નહિ રહેશે દુઃખ અંશ...અરે હો૦ ૮

યથેચ્છ ચરજો ભલે હંસલા ! સદ્ગુણ મૌક્તિક વૃંદ;
યથેચ્છ નિત્યે ભલે લુંટજો, **મનનંદન** આનંદ...અરે હો૦ ૯

**ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા.**

---

૧. માનસ સરોવર અથવા મનરૂપ સરોવર. ૨. રંગાયેલા. ૩ શ્લેષઃ રતાશ, રાગ. ૪ શ્લેષઃ વાંસ, કુલ. ૫ નાશ. ૬ દુષ્ટ. ૭ પ્રશંસવા યોગ્ય ૮ સ્વચ્છ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતન વર્ષનું મંગળમય વિધાન.

તેત્રીશ વર્ષની વય યુવાવસ્થાનો સમય છે. તેનો અનુભવ કરતું, ઉચિત્ત સેવા બજાવતું " **આત્માનંદ પ્રકાશ** " આજે ચોત્રીશમા વર્ષમાં પ્રવેશ કરે છે. ચોત્રીશનો અંક તીર્થંકર ભગવાનના અતિશયોને સુચવે છે. દરેક આત્મા દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ રત્નત્રયીને પ્રગટ કરવા, તીર્થંકરપણું પ્રાપ્ત કરી, અતિશયો પ્રગટાવવા માટેના ઉદ્યમને મુખ્ય કરી અનાદિ કાળથી તીર્થંકર ભગવાનોએ ઉપદેશલ સાધ્ય તરફ દષ્ટિ રાખી, પ્રતિદિન પ્રગતિમાન થવું જોઇએ તેમ પ્રબોધતું, જણાવતું, પરમાત્માએ પ્રરૂપેલ માર્ગનું સમન્વય સાધતું " **આત્માનંદ પ્રકાશ** " મંગળમય વિચારો અને ભાવનાથી નૂતન વર્ષમાં પ્રવેશતાં ગૌરવયુક્ત આનંદ અનુભવે છે.

નૂતન વર્ષારંભ, વાસ્તવિક રીતે જીવનનો એક ક્ષણભરનો વિસામો છે. માર્ગના થાકથી અને માથા ઉપર રહેલા ભારથી શ્રમિત થએલો મનુષ્ય, ઘડીભર નૂતન વર્ષારંભ નિમિત્તે છૂટકારાનો એક નિઃશ્વાસ મૂકે છે : વટાવેલા માર્ગ તરફ ઉલ્લાસભરી દ્રષ્ટિ ફેંકે છે અને પાછો પોતાના પ્રવાસે કૂચ કરવા આગળ પ્રયાણ કરે છે. ભૂતકાળના સ્મરણોમાંથી તે નવી પ્રેરણા મેળવે છે. પોતે એક પથિક છે : લાભ-હાનિની ગણના કે ઋતુઓના પરિવર્ત્તનોથી પોતે પર રહી શકયો છે એ અભિમાને એની પ્રવાસ-ગતિમાં નવું બળ ઉમેરાય છે.

આત્માનંદ પ્રકાશ આજે ૩૩ મું વર્ષ વીતાવી ૩૪ મા વર્ષમાં પ્રવેશ કરે છે. પ્રવાસીની જેમ એની દ્રષ્ટિ ગત વર્ષ તરફ વળે છે. ગત વર્ષની કઠિનતાઓ-વિઘ્નો જાણે નવા વર્ષમાં પીગળી જતા હોય અને આગળ કૂચ કરવાને વિસ્તીર્ણ મેદાન ખુલ્લું પડયું હોય એમ તેને લાગે છે.

પસાર થતા વર્ષમાં **આત્માનંદ પ્રકાશે** સાહિત્યની, શાસનની કે સમાજની શી શી સેવાઓ કરી ? કઇ રીતે એણે પોતાના જીવનની ઘડીઓ સાર્થક કરી ? એવો પ્રશ્ન નૂતન વર્ષારંભે સ્ફુરે એ સ્વાભાવિક છે. આત્માનંદ પ્રકાશમાં પ્રકટ થતા વિવિધ પ્રકારના લેખો અને તેની નિયમિતતા એ જ જો એના ઉત્તરરૂપ ગણી શકાતા હોય તો અમારે પોતે મૌન રહેવું એ વધારે ઉચિત છે.

બાકી તો આજે આપણે પોતે એક એવા સંક્રાન્તિયુગમાંથી પસાર થઇ રહ્યા છીએ અને અંતરની તેમજ બહારની એવી અથડામણો અનુભવીએ છીએ કે ગઈ કાલના તોલ-માપ આજે અધૂરા ભાસે અને આજના તોલ-માપ આવતી કાલે ઊણા દેખાય તો તેથી કોઇને પણ આશ્ચર્ય ન ઉપજે. શું સાહિત્યમાં કે શું સમાજમાં ? શું અર્થકારણમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે શું રાજકારણમાં સર્વત્ર નવાં મૂલ્યાંકનની ભાવના પ્રવર્તી રહી છે. આજની સાહિત્ય સેવા આવતી કાલે તૂટક જણાય અથવા આજના ધોરણ જતે દિવસે ખંડિત પુરવાર થાય તો તેને વધાવી લેવાની આપણી પૂરી તૈયારી હોવી જોઇએ.

આત્માનંદ પ્રકાશે ૩૩ મા વર્ષમાં પ્રવેશ કર્યો તે વખતે સ્વર્ગસ્થ **વિજયાનંદસૂરિની શતાબ્દિને** અંગે પૂરજોસથી તૈયારીઓ ચાલી રહી હતી અને અમને એમ જણાવતાં અતિ પ્રફુલ્લતા ઉપજે છે કે, સ્વર્ગસ્થ સૂરીશ્વરની શતાબ્દિ મુખ્યત્વે વડોદરામાં અને પાટણમાં તે ઉપરાંત બીજા પ્રસિદ્ધ શહેરો અને ન્હાના ગામોમાં પણ ખૂબ ઉત્સાહ અને સમારોહ સાથે ઉજવાઇ છે. નવા યુગબળે એ સ્વ. સૂરીશ્વરની સેવા અને શક્તિના ફરી મૂલ્યાંકન કર્યા છે. વર્ષોજૂના કાળના આવરણ એ તેજસ્વી પુરૂષની બુદ્ધિપ્રભા અને પુરૂષાર્થને આચ્છાદી શકયા નથી. કોઇ પણ સમાજ કોઇ પણ દેશ આવા યુગાવતારીને માટે વ્યાજબી અભિમાન લઇ શકે.

અમદાવાદ મુકામે મળેલી બીજી જૈન યુવક પરિષદ્નો પ્રસંગ પણ અહીં ઉલ્લેખનીય છે. પરિષદના ઠરાવો તથા વ્યાખ્યાનોએ આપણા જૈન સમાજમાં જે ચર્ચા જગાડી છે તે એટલી તાજી છે કે તેનું ફરી વાર સ્મરણ આપવાની જરૂર નથી. એટલું છતાં જૈન સમાજના યુવકો જાગૃત થતા જાય છે અને એકારી તથા અજ્ઞાન સામે લડી લેવાને કટિબદ્ધ બનતા હોય એટલું આશ્વાસન એમાંથી મળે છે. સમાજના મોટેરાઓ યુવકો તરફની વિશ્વાસની વૃત્તિ કેળવે અને યુવાનો વિનય અને સમ્યગ્દૃષ્ટિ રાખી સમતોલના જાળવવા મથે તો પરસ્પરના સહકારવડે જૈન સમાજનું ભાવી સરસપણે ઘડી શકે એ નિર્વિવાદ વાત છે.

ગત વર્ષની લેખ સામગ્રીનો વિચાર કરતાં સૌ પહેલી આપણી દૃષ્ટિ કાવ્યસાહિત્ય તરફ વળે છે. જૈન તપસ્વીઓએ અને કવિઓએ પ્રાચીન યુગમાં ગુજરાતી સાહિત્યક્ષેત્રમાં જે કાવ્ય-આરાધના કરી છે તેની વર્તમાન સાક્ષરોએ પણ મુક્તકંઠે સ્તુતિ કરી છે. પ્રાચીન રાસાઓ એ આપણું અમૂલ્ય ધન છે, પરંતુ આજે તો સાહિત્યની એ ધારા ક્ષીણ બનતી બનતી લગભગ લુપ્તપ્રાય; બની છે. છૂટક કાવ્યોમાં પણ આપણે યુગને અનુરૂપ એવા રસ, પ્રાણ, ઓજસ કે પ્રેરણા પૂરી શકયા નથી.

શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય વિરચિત વીતરાગ-સ્તવના છંદોબદ્ધ અનુવાદમાં, ડો. **ભગવાનદાસ મન:સુખલાલ,** મૂળની છટા તથા બોધ ઉતારવામાં ફત્તેહમંદ નીવડયા છે. ભગવાનના અતિશયો, પ્રાતિહાર્ય, પ્રતિપક્ષનિરાસ, જગતકર્તૃત્વ, એકાંત-અનેકાંતવાદ વિગેરે વિષયોના વિવેચન પછી જ્યારે શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ કળિકાળની પ્રશંસા કરે છે ત્યારે એમની વીતરાગભક્તિ પણ જાણે કે શાંત સરોવરની જેમ ઊંડે ઊંડે અકથ્ય ઉમળકા અનુભવતી હોય તેમ ઉલ્લાસમાન બને છે. કોઈ તત્ત્વદર્શી કાળના બળ સામે ભાગ્યે જ રોષ ઠલવે છે-આસપાસ અંધકારમાં પણ દૂર દિવ્ય ક્ષીણ જ્યોતિ:રેખા ચમકતી એમને દેખાય છે. કળિકાળ તો કસોટીનો યુગ ગણાય એટલું જ નહીં પણ ભક્તિના પુષ્પને ખીલવવામાં અને એને ત્વરિત ગતિએ ફળવાન બનાવવામાં એ કાળબળ જ ઉપયોગી નીવડે છે. જૈનશાસન-સામ્રાજ્ય વિસ્તારની ભાવના પણ એમના અંતરમાં કેટલી ઉત્કટપણે વર્તે છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રાદ્ધ શ્રોતૃ વકતા સુધી, ઉભય યોગ જો થાય;
તુજ શાસન સામ્રાજ્ય તો એક છત્ર કલિમાં ય...

એટલે કે ઉપદેશકો જો બુદ્ધિશાલી હોય અને શ્રાવકવર્ગ શ્રદ્ધાવાન્ હોય, વળી બન્નેનો સહકાર હોય તો વિશ્વભરમાં જૈન શાસનનો વિજયઘોષ કાં ન ગર્જી ઉઠે? પોતાના દેશ–કાળથી કેટલી ઉંચાઈએ એ પ્રતિભાશાલી પુરૂષ વિરાજતા હશે? પ્રાચીન અને તાત્ત્વિક કાવ્યોમાં પણ એમણે કેટલી ઉદ્‌બોધના ભરી છે? તે ઉપરાંત પદ્યસાહિત્યમાં શાહ હરિલાલ જગજીવનદાસરચિત વીરવંદન **મુનિરાજશ્રી બાલચંદ્રજીકૃત** અરિહંતદેવનું સ્તવન, **રા. દેવેંદ્રકુમારે** યોજેલું આચાર્યદેવનું સ્તુતિકાવ્ય, મુનિરાજશ્રી બાલચંદ્રજીની રચેલી આરતી તથા મંગળદીવો, શ્રી. **જેચંદ કાળીદાસકૃત** "અમરશ્રી આત્મારામજી" **રા. બાબુલાલ શાહ** નડોદકરની પ્રાર્થના તથા શાન્તિસ્તવન નેમીસ્તવન અને **શાહ હરિલાલ જગજીવનદાસનું** છેલ્લું ગીતિકાવ્ય, નેમીનમન વિગેરે સરલ–સુબોધ કાવ્યો, ગયા વર્ષમાં વાચકવર્ગ આગળ રજૂ કર્યા છે.

૩૩ માં વર્ષનું ગદ્યસાહિત્ય, હંમેશના જેવું જ વિવિધરંગી તથા રસપૂરિત રહ્યું છે. ઇતિહાસ, સાહિત્ય, દર્શન અને ઉપદેશક વૃતાંતો વિગેરેમાં જેમ આત્માનંદ પ્રકાશનું વૈવિધ્ય દેખાય છે તેમ તેની ચોક્કસ ધ્યેય કિંવા લક્ષને સતત્ અનુસરતી પ્રણાલિકા પણ પ્રકટપણે જણાઇ આવ્યા વિના નહીં રહે.

સત્યજ્ઞાનનું રહસ્ય નિર્દેશતી લેખમાળા, મહાન તસ્કરોના ભયસ્થાનો સૂચવતી **રા. રાજપાળ મગનલાલ** વોરાની સુબોધ લેખશ્રેણી અને તે ઉપરાંત શ્રી સિદ્ધ હેમચંદ્ર વ્યાકરણ સંબંધી એક સંશોધનપૂર્ણ ઐતિહાસિક સંકલન તેમ શ્રવણ સંસ્મરણ અને પ્રતિબિંબ ઇત્યાદિ લેખોમાં જે વિશિષ્ટતા સમાએલી છે તેની કોઇ પણ સુજ્ઞ વાચક કદર કર્યા વિના નહીં રહે.

આત્મા, ઈશ્વર, જગત્, પુણ્ય–પાપ, પરલોક એ એવા પ્રશ્નો છે કે હજારો વર્ષથી ચર્ચાવા છતાં જ્યારે કોઇ સમર્થ લેખની, તત્ત્વદષ્ટિએ અને તુલનાત્મક શૈલીએ એની ચર્ચા કરવા તૈયાર થાય છે ત્યારે એ સનાતન સમસ્યાઓ નવું સ્વરૂપ પામતી હોય અને પોતાનાં છુપા ભેદ ખોલતી હોય એમ લાગે છે. સત્ય જ્ઞાનના રહસ્યમાં, એના મૂળ લેખક **શ્રીયુત ચંપતરાયજી જૈનીએ** જડવાદ, સૃષ્ટિકર્તૃત્વવાદ, માયાવાદ વિગેરેમાં રહેલી ભ્રમણાઓ ખુલ્લી કરી બતાવી છે. સાથોસાથ જૈન દર્શનના ત્રિકાલાબાધિત સિદ્ધાંતોનું રહસ્ય પણ એમણે નિરૂપ્યું છે. તત્ત્વજ્ઞાનના અભ્યાસીઓને અને જૈનેતર વિદ્વાનોને એ લેખમાળા ખૂબ રૂચિકર બની છે.

શ્રવણ અને સંસ્મરણ તથા પ્રતિબિંબમાં, ગુરૂતત્ત્વ, જૈન સાહિત્યનો પ્રભાવ, દક્ષિણ દેશમાં જૈન સંસ્કૃતિની અમર અસર, ભારતીય દર્શનોના જળાશયમાં મળી જતી જૈન–દર્શનની વિચારધારા, જિનપ્રતિમા તથા બુદ્ધપ્રતિમા સંબંધી તુલનાત્મક સમીક્ષા, જૈન મંદિરોનું ચિત્રદર્શન, રાષ્ટ્રકૂટી રાજાઓનાં ક્ષાત્રતેજ, રામાનુજાચાર્ય–નિંબકાચાર્યની જૈન મુનિ પ્રત્યેની ભક્તિ, જયન્તિ–ચર્ચા, કાશીના ફુટા મહાદેવ, તથા જૈનો અને આર્યો આદિ વિવિધ–ઐતિહાસિક, સાહિત્યિક, દાર્શનિક વિષયોનું દિગ્દર્શન સંશોધકબુદ્ધિ અને ઇતિહા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિક સાહિત્ય તરીકે વિદ્વત્તાભર્યું **રા. સુશીલ** તરફથી કરાવવામાં આવ્યું છે.

**શ્રી હિમાંશુવિજયજી** મહારાજની વિદ્વત્તાભરી કલમે, ગયા વર્ષમાં સિદ્ધ હેમચંદ્ર વ્યાકરણનો રચના–સંવત અને પ્રાચીન પુસ્તકો તથા પુસ્તકાલયો એ નામના બે નિબંધો "પ્રકાશ" ના વાચકોને અર્પ્યા છે. સિદ્ધ હૈમ વ્યાકરણ જેમ શ્રી હેમચંદ્રાચાર્ય જેવા જ્યોતિર્ધરની અક્ષય કીર્તિરૂપ છે તેમ તે ગુજરાતના પ્રતાપી રાજવી સિદ્ધરાજ અને ગુજરાતની સંસ્કૃતિ માટે પણ ચિરસ્થાયી અલંકારરૂપ છે. શ્રી હિમાંશુવિજયજી મહારાજે બની શકી એટલી ઐતિહાસિક યુક્તિઓ એકઠી કરી, જે વિષયમાં ગુજરાતી સાક્ષરવર્ગ આજ પર્યંત લગભગ ઉદાસીન રહ્યો હતો તે વિષયની એક નવી દિશા સફળપણે ઉઘાડી દીધી છે. પુસ્તકો અને પુસ્તકાલયોના વિષયમાં પણ એમણે જે માહિતીઓ સંઘરી છે તે પ્રત્યેક સાહિત્ય–ઉપાસકને માટે અતિ આદરણીય નીવડે એવી છે.

મારવાડ–યાત્રામાં, **મુનિ શ્રી ન્યાયવિજયજી**એ મારવાડના જૈનોનું વર્તમાન પરિસ્થિતિનું એક કરૂણ ચિત્ર આલેખ્યું છે. ન્હાના ન્હાના પંથ–પ્રચારકો કેવી શબ્દ–જાળ બીછાવે છે અને પ્રાચીન મંદિરો વિગેરે કેવી શોચનીય સ્થિતિમાંથી પસાર થઇ રહ્યા છે તે તેમણે તટસ્થભાવે આ લેખમાં બતાવ્યું છે. આપણો જૈન સંઘ–સમુદાય ઘણા દૂર દૂરના દેશોમાં વહેંચાયેલો છે અને મુનિરાજોના વિહાર પણ મર્યાદિત હોવા છતાં વિસ્તરતો જતો દેખાય છે. એક પ્રાંતનો જૈન સમાજ, બીજા પ્રાંતની પરિસ્થિતિથી ભાગ્યે જ પરિચિત હોય છે. અખંડ–અવિભક્ત જૈન સમાજને માટે એ શોચનીય ગણાય. મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ જેવા વિદ્વાન લેખકો અવારનવાર આવા પ્રયાસ વૃત્તાંતો પ્રકટ કરાવે તો આપણે વર્તમાન સામાજિક સ્થિતિથી પરિચિત રહીએ અને દોષ કે ત્રુટી જેવું જણાતાં, એને પહોંચી વળવા કોઇ એક દિવસે કટિબદ્ધ પણ બનીએ.

શ્રી ચિદાનંદજીકૃત હિતશિક્ષા, શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનો સદ્‌બોધ, પંચમહાવ્રત તથા તેની ભાવના, શ્રીમાન્ સોમસુંદરસૂરિરાજકૃત સંવિજ્ઞ સાધુયોગ્ય કુલક મધ્યેના નિયમો, જૈન તત્ત્વસાર : એ લેખોમાં **સન્મિત્ર શ્રી કર્પૂરવિજયજી મહારાજે** શુદ્ધ શાસ્ત્રીય ઉપદેશોની અવતારણા કરી છે. શ્રી વીરવિહાર મીમાંસામાં આ. **શ્રી વિજયેંદ્રસૂરિજી મહારાજે,** ભગવાન મહાવીરના વિહારક્ષેત્રો ઉપર ઐતિહાસિક દૃષ્ટિએ પ્રકાશ નાખ્યો છે. **મુનિશ્રી ચરણવિજયજી મહારાજે,** તેમજ **રા. ચોકસી** અને રા. **રાજપાળ મગનલાલ** વોરાએ, પૂજ્યપાદ–સ્વર્ગસ્થ આચાર્ય મહારાજશ્રી વિજયાનંદસૂરીશ્વરની શતાબ્દિ અંગે વેધક દલીલો સાથે, વિરોધી વર્ગને વસ્તુસ્થિતિ સમજાવવા કોશીસ કરી છે.

એ સિવાય આત્માનંદ પ્રકાશના સુપરિચિત લેખકો પૈકી **શ્રીયુત વિઠલદાસ મૂ. શાહ** બી. એ, **રા. વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી** રા. **અભ્યાસી** રા **ચોકસી**. રા. **જેચંદ** કાળીદાસ મહેતા વિગેરેએ આત્મકલ્યાણનાં સાધનો, પાંચ સકાર, માનવજીવનની વિશાળતા, જ્ઞાનાવરણીય કર્મનો આશ્રવ શાથી થાય ? સુખની શોધમાં, એ પ્રકારની સરલ સુબોધ લેખમાળામાં રસપ્રદ વાચનસામગ્રી પીરસી છે. પ્રસંગોપાત્ત અમે એ વિદ્વાન લેખકો તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુનિરાજોના સદ્દભાવભર્યા સહકાર માટે અહીં કૃતજ્ઞતાની લાગણી પ્રદર્શિત કર્યા વિના રહી શકતા નથી.

વિસ્તારના ભયથી આ સ્થળે કેટલાક પ્રકીર્ણ લેખોના સંબંધમાં અમારે મૌન સેવવું પડે છે, પણ એથી કરીને એ લેખમાંની વસ્તુઓ કે લેખકો પ્રત્યે ઓછો આદરભાવ છે એમ માની લેવાનું નથી.

એકંદરે આ માસિક પત્રનું ગયું-૩૩ મું વર્ષ સુખ-શાંતિમય પસાર થયું છે. યથાશક્તિ બોધક અને રસિક વાચનસાહિત્ય પીરસી એણે પોતાની કર્ત્તવ્યનીતિનું પાલન કર્યું છે. અલબત્ત, એ અમારો એક પ્રકારનો આત્મસંતોષ છે, એટલું છતાં અમે જ્યારે દેશાંતરોમાં ચાલતી જુદી જુદી ધર્મ સંસ્થાઓ તેમ સાહિત્ય સંસ્થાઓના ઇતિહાસ અને સંચાલનશૈલી તરફ દષ્ટિપાત કરીએ છીએ ત્યારે એક નૂતન આદર્શ અમારી આંખ આગળ ખડો થાય છે. જૈન સમાજ જો સંગઠિત હોય, સાહિત્ય અને જ્ઞાનના પ્રચારાર્થે જો ઊંડી ધગશ અનુભવતો હોય તેમજ જો આર્થિક અને બૌદ્ધિક સહકાર પૂરતા પ્રમાણમાં મળી શકતો હોય તો અમને ખાત્રી છે કે જૈન સમાજ પોતાના સાહિત્ય અને સિદ્ધાંત પ્રચારમાં બીજા હરિફ સમાજોની સરખામણીમાં મુદ્દલ પછાત ન રહે.

કેટલાક અણધાર્યા સંયોગો વચ્ચે આ સભાને ચાળીશ વર્ષ થયા છતાં તેનો રૌપ્ય-મહોત્સવ ઉજવવાનો પ્રસંગ સભામાં ઠરાવ થયો છતાં ઉજવાઇ શકયો નથી કે જેનાથી ગુરૂભક્તિ, જ્ઞાનોદ્ધાર, સાહિત્યપ્રચાર અને અત્યારસુધી સભાએ કરેલ સેવાનો ઇતિહાસ ( સંપૂર્ણ હેવાલ પ્રગટ કરવાનું તે નિમિત્તે વિસ્તારપૂર્વક બને; છતાં વિવિધ પ્રાચીન સાહિત્ય પ્રચાર વગેરે સભાના ઉદ્દેશો ચાલુ રહેલ છે, જે માટે સીરીઝની યોજના સભાએ કરેલ છે, તેનાવડે શ્રી વસુદેવહિંડિ બે વિભાગ, શ્રી બૃહતકલ્પ સૂત્ર બે ભાગ, છ ગ્રંથ સટીક શ્રી દેવેન્દ્ર-સૂરિકૃત બે ભાગમાં પ્રકટ થએલ છે. વળી સાથે સુમારે એક લાખ શ્લોકપ્રમાણ પ્રાચીન સાહિત્ય કેટલુંક પ્રેસમાં, પ્રેસકોપીમાં વિગેરેથી તૈયાર થાય છે તે ક્રમે ક્રમે પ્રગટ થશે. અત્યાર સુધીમાં સંસ્કૃત સાહિત્ય ગ્રંથો સીરીઝથી પ્રકટ થયા છે જેમાંથી અત્યાર સુધીમાં રૂા. ૨૦૦૦૦) વીશ હજારના ગ્રંથો તો સાધુ મુનિરાજ, જ્ઞાનભંડારો, [illegible] લાઇબ્રેરીઓ અને પાશ્ચિમાત્ય વિદ્વાનોને સભાએ ભેટ આપેલા છે. સભા તરફથી પ્રસિદ્ધ થતાં, તેમજ ગૃહસ્થોની સીરીઝ તરીકે પ્રસિદ્ધ થતાં ગુજરાતી ગ્રંથો આ સભાના લાઇફ મેમ્બરોને પણ હજારોની કિંમતના આજસુધીમાં ભેટ અપાણા છે, જે હિંદભરમાં તે પ્રમાણે સાહિત્ય પ્રકાશન તથા પ્રચાર અને ભેટ વગેરે કાર્યોથી બજાવતી સેવા માટે પ્રથમ દરજ્જો ભોગવે છે. શ્રી આત્માનંદ શતાબ્દિ સ્મરણ સીરીઝ કે જેનું કાર્ય પણ ગઇ સાલ આ સભાને સુપ્રત થયું છે તેના છ ગ્રંથો પ્રકટ થયા છે જેમાં ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્ર ( છત્રીશ હજાર શ્લોકપ્રમાણ ) મૂળ ગ્રંથ સુંદર રીતે છપાય છે. પ્રથમ પર્વ પ્રકટ થયું છે તે પણ મુદ્દલથી ઓછી કિંમતે પણ આપવાનું છે.

આ સભા એક વિશાળ લાઇબ્રેરી ધરાવે છે. દશ હજાર વિવિધ જૈન અને અન્ય સાહિત્યના ગ્રંથો અને શુમારે સોળશેંહ લખેલી પ્રતનો ભંડાર ધરાવે છે. અનેક જૈન તેમજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યગ્ જ્ઞાનની કુંચી.

## ( અનુવાદ. )

( ઇંગ્લીશમાં મૂળ લેખક. )

## શ્રીયુત્ ચંપતરાય જૈની બેરીસ્ટર એટ-લૉ.

### ( પરમાત્મા અને તેનું સ્વરૂપ. )

### જુદા જુદા ધર્મો ( દર્શનોની દૃષ્ટિએ. )

જે મનુષ્ય આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરે છે તે પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે ( પરમાત્માને જાણે છે–જાણી શકે છે ) **પયગમ્બર મહમદનાં** વચનો.

“ દ્રશ્ય વસ્તુના દૃષ્ટાને, શ્રાવ્ય વસ્તુના શ્રોતાને, જ્ઞેય વસ્તુના જ્ઞાતાને અને ગ્રાહ્ય વસ્તુના જ્ઞાતાને તું નિરખી કે જાણી શકીશ નહિ. ” બૃહદારણ્યક ઉપનિષદ્. ૩. ૪ ૨

---

જૈનેતર ક્રી લાભ લે છે. દિવસાનુદિવસ વૃદ્ધિ થતી જાય છે અને અનેક વિદ્વાન વિઝીટર સાહેબોના જણાવવા મુજબ વ્યવસ્થિત, ઉપયોગી અને આટલી મોટી લાઇબ્રેરી જૈનસમાજ હિંદમાં આ જ છે જે જાણી સભા તે માટે ગૌરવ ધરાવે છે. આ સિવાય બીજી ગૌણ પ્રવૃત્તિઓ સેવા ચાલુ જ છે.

આ નૂતન વર્ષમાં પણ બની શકે તેટલા ઉત્સાહથી અમારા વાંચકોને તાત્વિક અપૂર્વ વાંચન આપવું એ અમારૂં કર્તવ્ય છે. ગયા વર્ષમાં અમારાથી બન્યું તેટલું આવશ્યક વાંચન સુંદર અને વિવિધ પદ્ય, ગદ્ય લેખોથી આપેલું છે કે કેમ ? તેનો ઉત્તર વાચકો હકારમાં આપે એટલો સંતોષ થાય છે; પરંતુ ભવિષ્યમાં વધારે સુંદર લેખસમૃદ્ધિ સમર્પવાની અભિલાષા સાક્ષરો અને લેખકો ઉપર નિર્ભર છે, જેથી પૂજ્ય મુનિરાજાઓ, લેખકોને સાક્ષર ( વિદ્વાન ) જૈન બંધુઓનો તે માટે આ માસિક સાથે સહાનુભૂતિ ધરાવનાર તરીકે આભાર માનીએ છીએ અને આ નવીન વર્ષમાં અમારી તે ભાવનાઓને વિશેષ બળ મળે અને જૈન સમાજને વિશેષ ઉપયોગી વાંચન લેખોદ્વારા મળે તે માટે સર્વ સાક્ષરો, વિદ્વાનો અને લેખક પૂજ્ય મુનિરાજો તથા જૈન બંધુઓને લેખો આપવા સાદર આમંત્રણ કરીએ છીએ.

અંતમાં, જે દેવાધિદેવ પરમાત્માના ધ્યાન માત્રથી સર્વ ઉપદ્રવો શમે છે અને મંગળમય કલ્યાણ વિલસે છે તેમના ચરણમાં ભક્તિભાવપૂર્વક મસ્તક નમાવી અમે આ મંગળમય વિધાન સમાપ્ત કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શર્કરા( સાકર )ના અનંત પર્વત સાથે તુલના કરી પરમાત્માની જ્ઞાન-પ્રાપ્તિ એ અત્યંત દુષ્કર છે એવો શ્રી રામકૃષ્ણ પરમહંસ પોતાના શિષ્યો અને અનુયાયીઓને પરમ બોધ આપતા હતા. શ્રી રામકૃષ્ણ પરમહંસ ઋષિઓને પિપીલિકા( કીડી )રૂપ ગણાતા હતા. કીડીરૂપ એટલા માટે કે કીડીઓ ગમે તેટલી હોય પણ તેથી અનંત પર્વતનું ભક્ષણઆદિ ન જ થઇ શકે. મહાન્માં મહાન્ ઋષિ પણ પરમાત્માનાં જ્ઞાનરૂપ મહાન્ પર્વતમાંથી બહુ તો ૮-૧૦ કણનો આસ્વાદ કરી શકે એવો હિન્દુ શાસ્ત્રોનો સ્પષ્ટ મત છે. પરમાત્માનાં જ્ઞાનરૂપ શર્કરાના અનંત પર્વતનું ભક્ષણ કોઇ કાળે થઈ શક્યું નથી અને થવાનું નથી, એવું હિન્દુ ધર્મશાસ્ત્રોનું વિધાન છે. ઇશ્વરનાં જ્ઞાનના સંબંધમાં વિશેષ બોધ માટે મેક્સમુલરકૃત ધર્મ પુસ્તકો ઉપયુક્ત થઇ પડે છે. આથી પરમાત્માનાં જ્ઞાનના જિજ્ઞાસુઓએ એ પુસ્તકો અવશ્ય વાંચવાં ઘટે છે.

પરમાત્મા જ્ઞાતા હોવાથી તે જ્ઞેય વસ્તુ ન બની શકે એવું વેદાન્તનું કથન છે. પરમાત્માનું સૂક્ષ્મ યંત્ર આદિ દ્વારા ભલે જ્ઞાન પ્રાપ્ત નહિ થઇ શકતું હોય પણ બીજી રીતે પરમાત્માનું સામાન્ય જ્ઞાન પ્રાપ્ત કરવું એ સર્વથા શક્ય છે. પરમાત્માના ગુણો અને સ્વરૂપનું યથાર્થ જ્ઞાન મનુષ્યથી પર નથી.

'ઇશ્વર' શબ્દનું અનેક અર્થમાં વ્યવધાન થાય છે, આમ છતાં એ જુદા જુદા અર્થોના સંબંધમાં તેમનાં ભિન્નભિન્ન વિશિષ્ટ મહત્ત્વ વિષે તત્ત્વજ્ઞાનીઓ સુંદર પ્રકાશ ભાગ્યેજ પાડે છે એ અત્યંત વિચિત્ર કહી શકાય. પરમાત્માના ભિન્નભિન્ન અર્થસૂચક નિમ્ન પ્રકારનાં મહત્ત્વ ખાસ વિચારણીય થઈ પડે છે:-

(૧) ચૈતન્યનાં સર્વવ્યાપી અસ્તિત્વનો ભાવરૂપે સ્વીકાર.

(૨) નામ, રૂપ અને ભ્રમથી પર-મુક્ત આત્માઓનાં અસ્તિત્વનો વિચારણાથી સ્વીકાર.

(૩) ઉત્પાદનનાં કારણરૂપ સંકલ્પ-શક્તિની દ્રઢ માન્યતા.

(૪) મનુષ્યવત્ જગત્કર્તાનાં અસ્તિત્વનું વિચારણારૂપે મંતવ્ય.

(૫) ઇશ્વર જગત્કર્તા, સર્વવ્યાપી અને અદૃશ્યરૂપ હોવાની માન્યતા.

વિશ્વના દરેક ધર્મો ઉપર્યુક્ત પાંચ મંતવ્યો પૈકી પ્રથમ બે મંતવ્યોનો કોઇ ને કોઈ સ્વરૂપમાં જરૂર સ્વીકાર કરે છે. ત્રીજું મંતવ્ય ચિત્તનાં કાર્યવિષયક માનસિક અને આધ્યાત્મિક પૃથક્કરણ ઉપર નિર્ભર રહે છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોથા મંતવ્યમાં અજ્ઞાનયુક્ત આશંકા–દશાનું જ પ્રાધાન્ય છે. પાંચમું મંતવ્ય જ્ઞાનનું સામ્રુદાયિક 'મૂર્તિમંત' સ્વરૂપ છે. 'અલ્લાહ' અને 'બ્રહ્મ' એ બન્ને ઇશ્વરવાચક શબ્દો છે. અલ્લાહ એટલે ગુપ્ત–અદૃશ્ય મહાન્ આત્મા. બ્રહ્મ એટલે પરમાત્મા–અનાવિષ્કૃત પરમ આત્મા 'ઇલોહીમ' અને 'ઇલાહ' એ શબ્દો અનુક્રમે બાઇબલ અને અરેબીકમાં પરમાત્માના વાચક છે. આ બન્ને શબ્દનાં મહત્ત્વનાં સંબંધમાં "Encyclopaedia of Religion and Ethics" ( Vol. VI P. 248 ) માં નીચે પ્રમાણે નિર્દેશ થયેલો છેઃ–

"ઇલાહ શબ્દ ઇલોઆહ શબ્દને મળતો આવે છે. સેમીટીક 'ઇલ' શબ્દથી તેની ઉત્પત્તિ થઈ હોય એમ લાગે છે. એકવચનને બદલે બહુવચનમાં વ્યવધાન થયું હોય એમ રૂપ ઉપરથી 'ઇલાહ' ના સંબંધમાં લાગે છે. ઇલોહીમ એ બાઇબલની દૃષ્ટિએ ઇલાહનું બહુવચન છે. અલ્લાહના અરેબીક સંબોધનરૂપ ઇલ્લાહમા ઉપરથી ઇલોહીમ શબ્દ નિષ્પન્ન થયેલ હોય એમ જણાય છે."

'અલ્લાહ' એ શબ્દનું મૂળ 'ઇલ' ( સંસ્કૃત ईल ) હોય એમ નિર્દિષ્ટ થાય છે. ईल એટલે ઇન્દ્ર. ઇન્દ્ર એ જીવનનું મૂર્તિમંત "સ્વરૂપ અને પ્રકાશ" છે. ઇંદ્ર એ ચેતના છે. સુપ્રસિદ્ધ વિદ્વાન્ હેરોલ્ડ બેઇલીએ 'ઇલ' શબ્દનાં મહત્ત્વ આદિના સંબંધમાં કહ્યું છે કેઃ–

"હુઇલ શબ્દ સેલ્ટીક 'હીઓલ' અને 'હાઉલ' શબ્દોને મળતો છે. એ ત્રણેનો અર્થ સૂર્ય થાય છે. 'હીઓલ' ( શાશ્વત ઇલ )માંથી હેઇલ, હોલ અને હોલી એ શબ્દો નીકળે છે. હેલ, હેલી, હેઇલ અને અલા (ઇલ્લા) એ શબ્દો ટયુટોનીકમાં પરમાત્માના વાચક છે. ઇલ્લા એટલે શાસ્વત્ પ્રભુ અને વિશ્વનું સર્વસ્વ. દરેક ભાષામાં જે જે શબ્દોનો અર્થ 'પવિત્ર' થાય છે તે શબ્દોનું મૂળ પ્રાયઃ સૂર્ય કે સૂર્યતેજ હોય એમ સામાન્ય રીતે માલુમ પડે છે. *

'ઇલ' અને 'લાહ' એ બે શબ્દો ગુપ્ત દિવ્ય પ્રકાશનાં ચિન્હરૂપ છે. 'ઇલ'થી શરૂ થતા ઘણાયે શબ્દોનો મી. બેઇલીએ અવારનવાર મનનીય ઉલ્લેખ કર્યો છે. 'ઇઝરાઇલ' એ શબ્દમાં પણ 'ઇલ' શબ્દ આવે છે. ફેર એટલો જ કે 'ઇલ' શબ્દ શબ્દને અન્તે છે. મી. બેઇલી 'ઇઝરાઇલ' શબ્દનાં રહસ્ય સંબંધી નિર્દેશ કરતાં જણાવે છે કે–

* 'The Lost Language of Symbolism, Vol. 1. P. 329.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શત્રુંજયના પવિત્ર ધામમાં.

લે. ચોકશી.

વીંધેલા પુષ્પોના હાર બંધ થવા જ જોઇએ. આપણે જૈનો, અહિંસા ધર્મના ઉપાસક, નાનામાં નાના જીવોની પણ દયા પાળનારા—જયણાપૂર્વક કામ કરવાની વૃત્તિવાળા છતાં ખૂદ શાશ્વત તીર્થ શત્રુંજય પર પ્રભુભક્તિના નામે જે વીંધેલા હારો ઢગલા બંધ ચઢાવીએ છીએ તે કોઇ રીતે ચલાવી લેવાય તેવું નથી.

ભક્તિ જરૂર પ્રશંસનીય ગણાય પણ તે જ્ઞાનપૂર્વકની હોય તો જ. અપ્કાયના જીવોની રક્ષા અર્થે પાણીને ગળીને વાપરીએ અને વનસ્પતિકાયના જીવોને વીંધાવીએ! વીંધેલા પુષ્પોના હારો ચઢાવીએ! આ શું શોભાસ્પદ છે? ધર્મ દૃષ્ટિએ ઉચિત છે?

"પુષ્પ પાંખડી જ્યાં દુભાય, જિનવરની ત્યાં નહિં આજ્ઞાય" આવા પ્રત્યક્ષ વચન વાંચ્યા છતાં જૈનોનો મોટો વર્ગ જેમાં સુરતી—અમદાવાદી સૌ કોઇ સમાય છે તે ક્યાં લગી ભક્તિના ઓઠા તળે શાસ્ત્ર આજ્ઞાથી વિરુદ્ધ વર્તન ચલાવશે? તીર્થ એ તરવાનું સાધન છે. અન્ય સ્થાને કરેલાં પાપો તીર્થ જેવી પવિત્ર ભૂમિ પર આવીને છોડવાનો ઇરાદો હોય છે. જો ત્યાં જ

---

"ઇઝરાઇલિ એટલે ભ્રમણ કરતો આત્મા એમ મનાય છે. ઇઝરાઇલ શબ્દ 'ઇઝિ' 'રા' અને 'ઇલિ' એ ત્રણ શબ્દોનો બનેલ હોય એમ હું માનું છું. એ શબ્દોના અનુક્રમે પ્રકાશ, શાશ્વત સૂર્ય અને આદિ કારણ એમ થાય છે. આખાયે શબ્દનો અર્થ 'વસ્તુઓનાં આદિ કારણ શાશ્વત સૂર્યનો પ્રકાશ' એમ થઇ શકે છે. 'ઇઝરા' શબ્દનો અર્થ 'આત્મામાં દિવ્ય પ્રકાશનો પ્રાદુર્ભાવ' એવો થાય છે. *

'અલ્લાહ' (અલ ઇલ્લાહ) એ શબ્દ ગુપ્ત અને શાશ્વત જ્યોતિ* એ અર્થનો નિર્દેશક છે. અલ્લાહ એટલે ઇશ્વર. અલ્લાહ અનાદિ અનુત્પન્ન ચેતન તત્ત્વ છે

(ચાલુ)

---

* "The Lost Language of Symbolism. Vol. I. P. 284"

* જ્યોતિ એટલે પ્રકાશના અસંખ્ય અંશોનું સંકલન (સમુહ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી રીતે જાણ્યે-અજાણ્યે પાપાચરણ કરવામાં આવે તો જરૂર તે વજ્રલેપ જેવું સખત બંધાય.

આ વાત કંઇ નવી નથી. આ સંબંધમાં અગાઉ કેટલીય વાર લખાણ થયેલાં છે. આમ છતાં આ પ્રથા નથી તો પેઢી તરફથી અટકાવવામાં આવતી, તેમ નથી તો કહેવાતા ભકતો કે જૈનોના મોટા ભાગ તરફથી બંધ કરવામાં આવતી. આ આપણને ઓછું શરમાવનારૂં નથી. ખૂદ પ્રભુના ધામમાં જ તેઓની આજ્ઞાનું આ જાતનું ઉલ્લંઘન હવે ઝાઝો સમય ચલાવી ન જ લેવાવું જોઈએ.

કેટલાક તરફથી એવી દલીલ કરવામાં આવે છે કે વીંધેલા હાર સિવાય આંગી શોભતી નથી. આ કાંઇ વજુદવાળી દલીલ નથી. પરમાત્મા પોતે તો કૃતકૃત્ય થયેલાં છે. તેઓની શોભાનો પ્રશ્ન જ નથી રહેતો. જે કંઇ કરણી કરવાની છે તે સ્વઆત્મ શ્રેયાર્થે છે. જ્યાં એકેંદ્રિય જાતિના જીવોનું આ રીતે અકલ્યાણ થતું હોય, જ્યાં પ્રભુશ્રીના ફરમાન પર છીણી મૂકાતી હોય, ત્યાં ભાવવૃદ્ધિ કયાંથી સંભવે ? એ જાતનો આહ્‌લાદ પ્રશંસનીય કેમ ગણી શકાય ? જો જૈનો પોતે વીંધેલા હારો લેવાનું ત્યજી દે તો અલ્પ સમયમાં એ રીતે હાર તૈયાર કરવાનું માળી લોકો પડતું મૂકે. ગુંથેલા હારો તૈયાર થવા માંડે. એમાં મહેનત વધુ છે એટલે કદાચ મૂલ્યમાં અલ્પ વધારો થાય તો પણ એથી ઉપાસકોને મુંઝાવાપણું નથી જ. આજ્ઞાપાલનનો લાભ કંઈ જેવો તેવો નથી જ. વળી ભાવવૃદ્ધિનો સંબંધ આત્મા સાથે છે એટલે થોડા ફૂલો ચઢાવો કે વધારે એ પ્રશ્ન પર વધુ વજન આપવાનું કારણ પણ રહેતું નથી. આંગીની શોભાનો સવાલ પણ નથી. જે છે તે જ્ઞાનપૂર્વકની કરણીનો મુદ્દો છે. વિદ્યમાન આચાર્યો આ પ્રશ્નને ઉપાડી લઇ, ચોમાસામાં એનો સતત ઉપદેશ દઇ કાયમ માટે નિચોડ આણે એ જ અભ્યર્થના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "કામ"નું બળવત્તરપણું અને શીલ સુગંધ.

ભિક્ષાનું અન્ન, તે પણ નિરસ અને ફક્ત એક જ વખત ખાવા મળે છે. શય્યા તરીકે જેને પૃથ્વી–જમીનતલ છે, પરિજનોમાં એક માત્ર પોતાનો દેહ જ છે, વસ્ત્રમાં અતિ જીર્ણ અને સેંકડો છિદ્રોવાળી ફાટીતૂટી કંથા છે, આમ હોવા છતાં પણ हा हा तथाऽपि विषयान्न परित्यजन्ति। અહો! તોપણ જીવ વિષયને છોડતો નથી. —भर्तृहरि.

શરીરે દુર્બળ, આંખે કાણો, કાન રહિત, પુચ્છ વિનાનો, ક્ષુધાતુર, ઘરડો ખખ, ગળામાં ભાંગેલી ઠીબડી છે જેને એવો, શરીરમાં ચાંદા પડ્યા છે અને તેમાંથી પરૂ વહી રહ્યું છે તેમજ સેંકડો કીડાઓથી જેનું શરીર ખદબદી રહ્યું છે એવો કુતરો પણ કુતરીની પછવાડે (વિષયાર્થે) જાય છે. ખરેખર हतमऽपि च हंत्येव मदनः। કામદેવ હણેલાને પણ હણે છે–મરેલાને પણ મારે છે. —भर्तृहरि.

સંસારનો ખૂબ અનુભવ લઇને વૈરાગ્યને પંથે પડેલા મહાત્મા ભર્તૃહરિના ઉપરના શબ્દો અનેક વખત આપણા ચક્ષુઓ સામે મૂર્ત્ત સ્વરૂપ ધારણ કરતા હોય છે. અર્થાત્ જે શબ્દ–ચિત્ર રાજર્ષિ ભર્તૃહરિએ આલેખ્યું છે તેવા જ પ્રસંગો ખરેખર કેટલીયે વાર જોવાય છે. એ જ કામનું બળવત્તરપણું સૂચવે છે. ભર્તૃહરિનો વૈરાગ્ય પણ એવા જ પ્રસંગમાંથી ઉદ્ભવ્યો હતો.

મનુષ્યમાં કામદેવના સંક્રમણ પછી તે વ્યક્તિના જ્ઞાન–ધ્યાન–તપ વિગેરે પણ ભૂલાય જાય છે. શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કેઃ—

એક વિષયને જીતતાં જીત્યો સહુ સંસાર,
નૃપતિ જીતતાં જીતીયે બળપુર ને અધિકાર;
વિષયરૂપ અંકુરથી ટળે જ્ઞાન ને ધ્યાન,
લેશ મદિરા–પાનથી છાકે જીમ અજ્ઞાન.

અર્થાત્—જેમ એક માત્ર રાજાને જીતતાં તેના સર્વ અધિકાર, તેનું નગર અને લશ્કર વિગેરે પણ જીતાઇ જાય છે તેવી જ રીતે સંસારમાં એક છત્ર સામ્રાજય ચલાવતા રાજારૂપ વિષયને–કામદેવને જીતતાં સર્વ સંસાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીતાઇ જાય છે. મનુષ્યના હૃદયમાં વિષયરૂપ અંકુર ઉત્પન્ન થાય છે ત્યારે તેનામાં રહેલ ઉચ્ચ જ્ઞાન–ધ્યાનાદિક પણ નષ્ટ થઈ જાય છે. જેમ કોઇ અજ્ઞાન–ગાંડો માણસ હોય અને તે મદિરાનું પાન કરે પછી તે બાકોશ બને તેમાં શું આશ્ચર્ય ?

ખરેખર વિષયે તો ભલભલાનું પતન કરાવી નાખ્યું છે. મોટા ચમરબંધીના પણ ગર્વ ઉતારી નાખ્યા છે. આષાઢાભૂતિ જેવા મહામુનિ પણ નટપુત્રીઓમાં ફસાઇ પડ્યા હતા. શ્રેણિકપુત્ર નંદીષેણજી જેવા અનંગના નિવાસસ્થાનરૂપ વેશ્યાલયમાં બાર બાર વર્ષ રહ્યા છે. અરણીક મુનિ પણ કામિનીના કામણોથી ઘવાઈને વિષયમાં લપટાયા છે, આર્દ્રકુમાર જેવા પણ કામદેવના મુખ્ય સાધનરૂપ સ્ત્રીથી ફસાઇને ઘરવાસે રહ્યા હતા. આ સર્વ મહાત્માઓએ જો કે છેવટે કામદેવને લાત મારીને તે તે સ્થાનોનો ત્યાગ કર્યો છે અને કામને જીત્યો છે; પરંતુ તેવા મહાપુરૂષોને પણ એક વખત કામદેવે શીકસ્ત આપી છે. એ જ તેનું–કામદેવનું બળવત્તરપણું સૂચવે છે. બાકી આવી વિભૂતિઓને બાદ કરીએ તો કામી મનુષ્યો શું શું અકાર્ય નથી કરતાં ? એ કહી શકાય તેમજ નથી.

રાવણને અનેક સ્વરૂપવતી રાણીઓ હતી, છતાં કામ વ્યાકુળ બનીને સીતાજીની સાથે ભોગ ભોગવવા તેણે શું ન કર્યું ? સીતાજીના પગમાં પડ્યો. વિનંતિ કરી. મંદોદરી સાથે કહેવરાવ્યું. યાવત્ તેટલા જ માટે શ્રી લક્ષ્મણજી સાથે ભયાનક યુદ્ધ કરી, મૃત્યુશરણ બની નરકગામી થયો. આ સર્વ કામદેવના જ પ્રતાપને ?

ચંદ્રસેન પોતાની ભગિની સાથે જ ભોગ ભોગવતો હતો. ત્રિપૃષ્ઠ વાસુદેવ જે માતા-પિતાથી ઉત્પન્ન થયા હતા તે માત–તાત અન્ય કોઇ નહીં પણ પિતા–પુત્રી હતા. અર્થાત્ કામાંધ પિતાએ કુયુક્તિથી પ્રજાજનોને વચનથી બાંધી લઈ પોતાની પુત્રીને જ પોતે પરણે છે અને તે દ્વારા જે પુત્ર થાય છે તે જ ભગવાન મહાવીરનો જીવ ત્રિપૃષ્ઠ વાસુદેવ. વળી બ્રહ્મદત્ત ચક્રવર્તીની માતા ચુલણી રાણી કામાંધ બનીને પોતાના પુત્રને જ જલાવી દેવાનું કાવત્રું રચે છે. સૂરિકાંતા રાણી પોતાના એક વખતના પ્રિય પતિને–હવે કામતૃપ્તિ તેના દ્વારા પૂર્ણ ન થવાથી વિષ આપે છે. ભગવાન મહાવીરના અનન્ય ઉપાસક મહાશતક શ્રાવકની સ્ત્રી રેવતી તેની બીજી ૫૦૦ શોકયોને પોતાની કામતૃપ્તિની ખાતર ઝેર દે છે. અને તેથી પણ ન અચકાતાં પૌષ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધમાં રહેલ તેના પતિ મહાશતકને વિષય માટે પ્રાર્થના કરે છે. રાજરાણી કે જે પ્રજાની માતા સમાન ગણાય તે સુદર્શન શ્રેષ્ઠીની પાસે વિષય માટે બહુ પ્રકારે પ્રાર્થે છે, પરંતુ મહાસત્ત્વશાલી શ્રીમાન્ સુદર્શન જ્યારે તે વાતનો સ્પષ્ટ ઈન્કાર કરે છે ત્યારે પોતાના જ હસ્તે સ્તન પર ઉઝરડાઓ લઇ, સુદર્શન ઉપર ખોટું આળ ચડાવે છે. પરિણામે તો શુદ્ધ સુવર્ણ અગ્નિમાં તપાઇને વધુ શુદ્ધ બને છે અર્થાત્ રાજાની આપેલી પ્રાણહારક શૂળી સુવર્ણ સિંહાસન બને છે. અને દેવતાઓ પણ તે સત્ત્વવંત મહાપુરૂષની સ્તુતિ કરે છે; પરંતુ એ જોવાનું છે કે કામી સ્ત્રી કે પુરૂષ કેવા કેવા અકાર્ય કરતાં પણ પાછા ઓસરતા નથી.

કામના ઘરમાં રહીને કામને બાળનાર મહામુનિ શ્રી સ્થૂલિભદ્રજી, ભર-યુવાવયમાં-પતિપત્ની સાથે રહેવા છતાં અખંડ બ્રહ્મચર્યવ્રત્ત પાળનાર વિજય-વિજયા દમ્પતિ, મહાસૌંદર્યવાન અને જેને રાજરાજ્ઞા તરફથી કામક્રીડા માટે આમંત્રણ મળ્યું હતું છતાં મેરૂશૈલ જેવા અડગ રહેનાર સુદર્શન શેઠ, રાવણની પ્રાર્થનાને લાત મારી શુદ્ધ શિયળ પાળનાર મહા સતી સીતાજી આદિ સર્વ આજે પણ લોક જીહ્વાગ્રે છે. લોકો તેમને પ્રભાતે સૂર્યના પણ ઉદય પહેલા યાદ કરે છે એ તેમના મહાન એવા શીલ ગુણનો જ પ્રભાવ છે ને?

બ્રહ્મચારી મનુષ્ય શું નથી કરી શકતો? તેનો પ્રભાવ જ કોઇ અનેરો છે. વીર્યવૃદ્ધિથી શારીરિક-માનસિક-આત્મિક એમ સર્વ પ્રકારે લાભ જ છે, પરંતુ આ વાત કહેવામાં જેટલી સ્હેલી તેટલી જ આચરવામાં અઘરી છે. મહામુશ્કેલ છે. તેનો સર્વ મનુષ્યોને પ્રાયઃ ઓછેવત્તે અંશે જરૂર અનુભવ હોય જ છે.

બ્રહ્મચર્યપાલન માત્ર શરીરથી જ શક્ય નથી, પરંતુ મન પણ તેને સાનુકૂળ હોવું જોઇએ. અર્થાત્ મનમાં અશુભ વિચારો ન આવવા જોઇએ. જો મનમાં વિષયોત્તેજક ભાવો ઉદ્ભવે અને તેને જો વખતસર અટકાવવામાં આવે તો તેની ખૂબ જ ખરાબ અસર શરીર પર પણ થયા વિના નથી રહેતી. વળી તેની સાથે વચન ઉપર પણ કાબૂ હોવો જોઇએ, તેમ જ કામોત્તેજક સ્નિગ્ધ અને તીખા પદાર્થો પણ ન ખાવા જોઇએ તથા તેવા હલકા પ્રકારનું વિકારી સાહિત્ય પણ ન વાંચવું જોઇએ. દૃષ્ટિ ઉપર તો ખૂબજ કાબૂ હોવો જોઈએ. જો દૃષ્ટિને યથેચ્છ રીતે ભટકવા દેવામાં આવે તો પરિણામે તેની અસર મન ઉપર થાય જ. અને મનની અસર તન ઉપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય. કેમકે મન એવું તન, એ સર્વને પરિણામે કુદરતી અથવા અકુદરતી રીતે પણ બ્રહ્મચર્યનો ભંગ થવાનો સંભવ છે. તેથી જ તો ભગવાને બ્રહ્મચારીઓ માટે નવ વાડો નક્કી કરી છે કે જેથી વાડથી જેમ ક્ષેત્રનું રક્ષણ થઇ શકે છે તેમ આ વાડોથી બ્રહ્મચર્યરૂપ ક્ષેત્રનું ઉત્તમ પ્રકારે રક્ષણ થઈ શકે છે, પણ આ તો ઉચ્ચ કક્ષાની સર્વથા બ્રહ્મચર્યપાલનની વાત થઇ. સાધુઓને આ પાલન પૂર્ણ જરૂરી છે પરંતુ ગૃહસ્થોને માટે એ પાલન એટલું સુલભ નથી. એટલે ગૃહસ્થજીવન ગાળનારે સ્વપત્નીમાં સંતોષ રાખવો જરૂરનો છે તેમજ માતા, ભગિની કે પુત્રી તરફ જેમ કદીપણ અવિચાર થતો નથી તેવી જ ભાવના અન્ય સ્ત્રીઓ તરફ કેળવવા પ્રયાસ કરવો જોઇએ. વલી સ્વસ્ત્રી સાથે પણ મર્યાદિત ભોગ હોવો ઘટે. અમર્યાદિત ભોગાદિથી બન્નેને શારીરિક અને આત્મિક હાનિ જ છે, પર્વતીથિ આદિમાં તો ખાસ બ્રહ્મચર્ય પાળવું જોઇએ.

રણભૂમિમાં બળવાન એવા શત્રુ-સૈન્યનો પરાભવ કરનાર પણ કંદર્પ સૈન્ય-અનંગસેના કામદેવના બાણોથી પરાભવ પામી ભવની ઉંડી ગર્તામાં પડ્યા છે કે જ્યાંથી નીકળવું મહામુશ્કેલ છે. શ્રીમાન્ યોગિરાજ આનંદઘનજીએ ઠીક જ કહ્યું છે કે—

પંથડો નિહાળું રે બીજા જિનતણોરે અજિત અજિત ગુણધામ;
જે તેં જીત્યારે તેણે હું જીતિયોરે પુરૂષ કિશું મુજ નામ. ?

અર્થાત્-ગુણના ધામરૂપ અને સર્વથી અજિત એવા અજિતનાથજી, હું આપનો પંથ નિહાળું છું, જિનનો માર્ગ જોઉં છું ત્યારે મને જણાય છે કે રાગ દ્વેષ-મોહ-વિષય-કષાય ઈત્યાદિ રૂપ આત્મગુણના ઘાતક એવા અંતરંગ શત્રુઓને આપે જીતી લીધા છે તેનાથી જ હું પરાભવ પામ્યો છું. જીતાઈ ગયો છું. તે તે કષાયોએ મને શિકસ્ત આપી છે એમાં મારૂં પુરૂષ નામ સાર્થક કઇ રીતે ગણી શકાય ?

કામથી સર્વથા વિરક્ત બનવા સાધુ પુરૂષોને શ્રી જિનોનું ફરમાન છે કે તરૂણીના આંતરસ્વરૂપનું ધ્યાન કરવું જે સ્વરૂપ હાડ-માંસ-રૂધીર-મલ--મૂત્ર-શ્લેષ્મ ઇત્યાદિરૂપ બિહામણું છે. ગૃહસ્થોને માટે પણ સપ્ત વ્યસન ત્યાગમાં પરદારાવેશ્યા આદિનો ત્યાગ થઇ જ જાય છે.

શિયળનો મહિમા તો પ્રસિદ્ધ જ છે. જે શીયલવ્રતથી શ્રીમાન્ સુદર્શનની પ્રાણનાશક શૂળી સ્વર્ણ સિંહાસનના રૂપમાં પરિણમી, જે શિયળના પ્રભાવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# *ધાર્મિક ઉદારતા

( હિંદીમાં લેખક૦ રા. બાબુસાહેબ પુરણચંદજી નહાર )

સંસારમાં ધર્મ જ એક એવી વસ્તુ છે કે જેની સૃષ્ટિ સર્વ ધર્મવાળા અલૌકિક બતાવે છે. કોઇ તેને અનાદિ કહે છે, કોઇ સ્વયં ઈશ્વરનું વચન અથવા કોઈ ઈશ્વર તુલ્ય અવતારના કહેલ ઉપદેશ અને નિયમાદિ પાલનને ધર્મ કહે છે. ચૌદરાજ જીવ-લોકમાં જેટલા જીવો છે તે સુખની પ્રાપ્તિ માટે તલસ્યા કરે છે. જીવની મુક્તિથી અતિરિક્ત જેટલા પ્રકારના સુખો છે તે સર્વ સામયિક તથા નિર્દિષ્ટકાળ અથવા પરિમાણવાળા છે. ધર્મ શબ્દનો અર્થ જોઇએ તો માલૂમ પડે છે કે એ એક જ એવી વસ્તુ છે કે જે જીવને દુઃખ પડતા

સીતાજીની અગ્નિ-પરીક્ષા વખતે કાયરજનોના કાળજાને કંપાવતો એવો પ્રજ્વલિત અગ્નિકુંડ જળરૂપ બની જાય છે. જે શીયળના પ્રભાવે સુભદ્રા-દેવીએ સુતરના કાચે તાંતણે કુવામાંથી ચાલણી વડે જલ કાઢયું અને દૈવ-શક્તિથી નગરના બંધ થયેલા દરવાજાઓ ઉઘાડ્યા હતા, જે શિયળથી સતી કળાવતીના કપાઇ ગયેલા હાથો ફરી અસલ સ્થિતિમાં આવ્યા હતા, જે શિયળના પ્રભાવથી મહામુનિ સ્થુલિભદ્રજીનું નામ ૮૪ ચોવીશી પર્યંત જગજાહેર રહેવાનું છે, જે શીયળથી કલહપ્રિય નારદજી મોક્ષે જવાના છે, એવા મહાન્ વ્રત સર્વ વ્રતોમાં શિરોમણી એવા બ્રહ્મચર્ય વ્રતનો મહિમા અનેક મુખે પણ કોણ ગાઇ શકે ? ખરેખર શીલનો મહિમા અવર્ણનીય જ છે. વિશેષ શું કહેવું ? યથાશક્તિ આચરણમાં ઉતારવા પ્રયત્ન કરવો એ જ તેના સુફળને મેળવવાનું મૂળ છે. અસ્તુ ! ૐ શાન્તિ

**રાજપાળ મગનલાલ વ્હોરા.**

*શ્રી જૈન સિદ્ધાંત ભાસ્કર નામના હિંદી માસિક ભાગ ૨ કિરણ ૧માં બાબુસાહેબ પુરણચંદજી નહાર એમ. એ બી. એલ હિંદી ભાષામાં એક લેખ આપેલ તે અતિ મનનીય હોઇ તેનું ગુજરાતી ભાષાંતર આ માસિકમાં લેવા તેઓશ્રીએ જણાવેલ હતું. તે અનુસાર અહિં આપવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બચાવે છે, જે કષ્ટમાં પડતા બચાવે છે, સુખની પ્રાપ્તિ કરાવે છે, એવી વસ્તુની કોણ ઇચ્છા ન કરે!!! સત્યાંશ એ છે કે કોઇ ને કોઈ પ્રકારનો ધર્મ મનુષ્ય માત્રને જોઇએ જ. જોઈએ તો તેનો ધર્મ સનાતન હો, ચાહે જૈન, ચાહે બૌદ્ધ, ચાહે ઇસાઇ હો, ચાહે મુસલમાન હો, ચાહે નાસ્તિક હો; પરંતુ કોઈ ને કોઇ ધર્મને અથવા કોઇ મહાપુરૂષે ચલાવેલ મતને માનવો પડે છે. જે પ્રકારે સમાજમાં કોઇ ગરીબ હો, શેઠ–સાહુકાર અથવા રાજા–મહારાજા હો; પરંતુ સામાજિક દૃષ્ટિએ સર્વનો દરજ્જો એક છે, તેમાં કોઇ નાના મોટા નથી ગણાતા તેમ તે પ્રકારે ધર્મની દૃષ્ટિએ પણ એક પ્રકારનો ધર્મ પાળવાવાળા સર્વ લોકોની ગણના એક જ શ્રેણીમાં થાય છે; પરંતુ પોતપોતાના ધર્મવાળા તેઓને ધાર્મિક દૃષ્ટિકોણથી બીજા ધર્માનુયાયીઓને ઘૃણાભાવે દેખે છે. ઇતિહાસ જણાવે છે કે ધર્મના નામ પર મુસલમાન લોકોએ કેટલીયેવાર લડાઇયો કરી છે. હું કુરાન શરીફનો પરિચિત નથી, પરંતુ સંભળાય છે કે તેઓના ધર્મપ્રવર્તક મહમદ સાહેબનો તેવો ઉપદેશ ન હોઇ શકે. બીજાના ધર્મનો નાશ કરીને પોતાના ધર્મનો પ્રચાર કરવો બીજી વાત છે, પરંતુ મનુષ્ય હોઇ એ પ્રકારે કષ્ટ પહોંચાડવું તે ધર્મ હોઇ શકતો નથી. પોતાના ધર્માનુયાયીઓની સંખ્યાની વૃદ્ધિ કરવી તેને ધર્મ સમજવો–માનવો તે સ્વાભાવિક છે, પરંતુ તે લોકો તે વિચારને કાર્યરૂપમાં લાવતાં સમય અને સીમાની બહાર જાય છે–તેનું ઉલ્લંઘન કરે છે. જૈન ધર્મના તત્ત્વમાં અન્ય ધર્મ કે અથવા ધર્માવલંબીયોની કોઇ પ્રકારની નિંદા કરવાની મના કરી છે. ધાર્મિક વિષયોમાં તેવી ઉદારતા અવશ્ય હોવી જ જોઇએ. અમારા તીર્થંકર ભગવાન સર્વગ્રાહી ઉપદેશ આપે છે. જૈનોના ધર્મ-ગ્રંથમાં સ્પષ્ટ છે કે તીર્થંકર ભગવાનોના સમોસરણમાં અથવા જ્યાં જ્યાં ઉપદેશ દે છે ત્યાં ત્યાં સર્વ જીવોના–પશુ, પક્ષીઓના પણ સ્થાન હોય છે, અને દેવતાઓને લઇને તિર્યંચ સુધી સર્વ પ્રકારના પ્રાણી પોતપોતાની ભાષામાં ભગવાનનો ઉપદેશ સમજી શકે છે. એ અલૌકિક શક્તિને શ્રી તીર્થંકરોનો અતિશય કહેવામાં આવેલ છે.

જૈનોના છેલ્લા તીર્થંકર શ્રી મહાવીરસ્વામીને થયા પચીશેંહ વર્ષ લગભગ થઇ ગયા છતાં જૈનીઓમાં તે જ ઉદારતા દેખવામાં આવે છે. આ દેશમાં કેટલીએ શતાબ્દિ સુધી મુસલમાન સમ્રાટ ગણ ભારતના શાસક રહ્યા! અહિં નિવાસીઓની સાથે તેઓનો રાજા–પ્રજાનો સંબંધ પણ હતો. તેઓ હિંદુ ધર્માવલંબીયોને સમયે સમયે પીડા ઉત્પન્ન કરતા. જુઓ હિંદુઓનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રસિદ્ધ તીર્થસ્થાન "સોમનાથ" જે આ દેશના સૌરાષ્ટ્ર પ્રાંતમાં છે ત્યાં મહમદ ગીઝનવીએ જે પ્રકારે મૂર્તિઓનો નાશ કર્યો છે તે વર્ણન ભારતના ઈતિહાસમાં મોજુદ છે. એમ કેટલીએ શતાબ્દિ તક અનાચાર થતા રહ્યા અને રહીસહી સત્તરમી શતાબ્દિમાં "કાળાપહાડ" ને બિહાર અને બંગાલ પ્રાંતના, સર્વ હિન્દુ બૌદ્ધ દેવતા અને દેવીયોની મૂર્તિ તોડી નાંખી; તો પણ ધાર્મિક ઉદારતાને લઇને જૈનીઓ પર કોઇ વિશેષ અત્યાચારનો ઉલ્લેખ મળતો નથી. મને કેટલા વખત પહેલાં રાજગૃહી તીર્થના પાંચ પહાડોમાંથી પ્રથમ વિપુલાચલના શ્રી પાર્શ્વનાથ મંદિરની વિશાળ પ્રશસ્તિ મળી હતી, જે સંસ્કૃત ભાષામાં ગદ્ય પદ્યમય છે, જેનો સમય વિક્રમ સંવત ૧૪૧૨ છે. જે વખતે સમ્રાટ ફીરોજશાહ રાજ્ય કરતા હતા તેનો ઉક્ત પ્રશસ્તિમાં ઉલ્લેખ છે જેમાં મુસલમાન ગણુ પણુ જૈનીયોના ધાર્મિક કાર્યોમાં સહાયતા આપતા હતા. જેનો સારાંશ નીચે પ્રમાણે છેઃ–સુલતાન ફિરોજશાહે મલીકવયને મગધ દેશનો સૂબો નીમ્યો હતો. સૂબાના કાર્યકર્તા શાહ નાસરૂદ્દીનની સહાયતાથી મગધ દેશમાં આવેલ રાજગૃહતીર્થના વિપુલગિરિ પર આચાર્યશ્રી જિનચંદ્રસૂરિના ઉપદેશથી વચ્છરાજ દેવરાજે શ્રી પાર્શ્વનાથજીનું મંદિર સં. ૧૪૧૨ અશાડ વદી ૬ના રોજ બનાવ્યું.

સમ્રાટ અકબરની ધાર્મિક ઉદારતા પ્રસિદ્ધ છે; જહાંગીર, શાહજહાં આદિ બાદશાહોના સમયમાં પણ જૈનોના ધાર્મિક વિષયોમાં સહાયતા મળી હતી. એમના પવિત્ર તીર્થ ક્ષેત્રના સંરક્ષણને માટે સમય સમય પર ગુજરાત, માળવા, બંગાળા આદિ પ્રાંતના સૂબાઓ તરફથી લોકોને ફરમાનાદિ આપેલા છે.

જૈનીયોમાં શ્વેતાંબર અને દિગંબર બે મુખ્ય સંપ્રદાય છે હું દિગંબર સાહિત્યોનો પરિચિત્ત નથી; પરંતુ શ્વેતાંબર સાહિત્યના ઇતિહાસનું મેં જ્યાંસુધી અવલોકન કર્યું છે, તેથી સ્પષ્ટ પ્રતીત થાય છે કે શ્વેતાંબર આચાર્યો અને વિદ્વાનોએ પ્રાચીનકાળથી અજૈન વિદ્વાનોની કૃતિઓને નિસંકોચપણે અપનાવી છે. તેનો અભ્યાસ પણ કરતા હતા તેના ઉપર વિદ્વત્તા પૂર્ણ ટીકાઓ પણ રચી છે, તેઓના સાહિત્યોને બહુ જ શ્રદ્ધાની દૃષ્ટિથી દેખતા હતા–એ જ ધાર્મિક ઉદારતા છે.

જૈનીઓના શ્વેતાંબર સંપ્રદાયમાં સિદ્ધસેનદિવાકર, ઉમાસ્વાતિવાચક, હરિભદ્રસૂરિ, શ્રી અભયદેવસૂરિથી લઇ શ્રી હેમચંદ્રાચાર્ય આદિ, તથા દિગંબર સંપ્રદાયમાં કુંદકુંદાચાર્ય, સમંતભદ્ર, અકલંકદેવ, પ્રભાચંદ્ર, વિદ્યાનંદિ, જિનસેન આદિ મોટા મોટા પ્રખ્યાત વિદ્વાનો થઇ ગયા છે કે જેની કૃતિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓની પણ પાશ્ચિમાત્ય વિદ્વાનો પણ ખૂબ પ્રશંસા કરે છે; પરંતુ સનાતન ધર્માવલંબી પંડિતોએ તેમને કોઇ સ્થળે અપનાવ્યા હોય એમ દેખવામાં આવતું નથી; તેટલું જ નહિં પરંતુ ત્યાં સુધી પણ છે કે મહત્ત્વપૂર્ણ જૈન ગ્રંથોનો નામ–ઉલ્લેખ કરવામાં પણ સંકોચાયા છે. આવી જાતનો અનુદાર-ભાવ તેઓ લોકોનું ધાર્મિક સાંકડાપણું છે. અજૈન વિદ્વાનોના નાના વિષયોના ગ્રંથોને શ્વેતાંબર લોકોએ કેવા પ્રકારે અપનાવ્યા છે તેના કેટલાક દૃષ્ટાંત હું અહિં ઉપસ્થિત કરીશ, જેથી આશા છે કે દિગંબર વિદ્વાનગણ પણ તે પ્રકારે ધાર્મિક ઉદારતાને પ્રકાશિત કરશે.

હાલમાં અમેરિકામાં પેન્સીલવેનિયા વિશ્વવિદ્યાલયના સંસ્કૃત અધ્યાપક ડૉ. નરમૈન બ્રાઉન સાહેબે "શ્રી કાલકાચાર્ય કથા" નામનો ગ્રંથ ઇંગ્રેજીમાં પ્રકાશિત કરેલ છે જેની ભૂમિકાના ચોથે પાને જૈનાચાર્યોના વિષયમાં નીચે પ્રમાણે લખે છેઃ–

"જૈન સાધુઓ અને ગૃહસ્થો લોકોનો શિષ્ટાચાર અને વિદ્વત્તાની સાથે સાથે તેમનો ઉંચો આદર્શ અને ઉત્કૃષ્ટ જીવનનો અહિં ઉલ્લેખ કરી દેવો તે ઉચિત લાગે છે. તેમના વડપણથી ભારત ગૌરવાન્વિત છે. તેમનામાં સહાયતા, સહનશીલતા અને ત્યાગની શક્તિ છે. તેમની બુદ્ધિ અને ધાર્મિક લયલીનતા એ બધા ગુણોની સાથે મળતાં તેમના સંસારના આદર્શ સંપ્રદાયોમાં એક પ્રમાણિત કરે છે."

એ જોઇ આશ્ચર્ય થાય છે કે ભારતના કોઈ પણ ધર્માવલંબીયોમાં જૈનીઓની જેમ ધાર્મિક ઉદારતા દેખાતી નથી. કદાપિ "અજૈન" વિદ્વાન ગણ પોતપોતાના સાહિત્યથી એવા એવા દૃષ્ટાંત પ્રકાશિત કરી શકે તો મારો આ જાતનો ભ્રમ દૂર થાય. અજૈન સાહિત્યના નાના નાના ગ્રંથો પર જૈન લોકોએ કેવા પ્રકારે ટીકા, વૃત્તિ આદિ રચના કરી છે તે નિમ્ન લીખીત ગ્રંથોથી પાઠકોને વિદિત થશે. ત્યાંસુધી કે હિંદીગ્રંથ ઉપર પણ જૈનાચાર્યોને કેટલીએ ટીકાઓ રચી છે.

જૈન વિદ્વાનોએ સિદ્ધાંત સિવાય વ્યાકરણ, ન્યાય, કાવ્ય કોષ, અલંકાર, નીતિ, જ્યોતિષ આદિ નાના વિષયો પર સારા સારા ગ્રંથો બનાવ્યા છે. એકલા હેમચંદ્રાચાર્યના અનેક ગ્રંથો વિદ્યમાન છે. તેમની પહેલાંના સિદ્ધર્ષિ આચાર્યે ઉપમિતિભવ પ્રપંચ કથા બનાવ્યો છે, જે સાહિત્યની દૃષ્ટિએ ઘણો જ મહત્વનો છે. આ લેખમાં તે સઘળાનો ઉલ્લેખ કરવો અના-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પાંચ સકાર.

અનુસંધાન ગતાંક પૃષ્ઠ ૨૯૨ થી શરૂ.

( અનુ૦ વિઠ્ઠલદાસ મૂ. શાહ B. A. )

કોઇ દુઃખી મનુષ્ય પોતાનું દુઃખ સંભળાવે ત્યારે એવો ખ્યાલ ન કરવો કે તે બહુ વધારીને વાત કરી રહ્યો છે. આપણને બીજાના દુઃખનો ખ્યાલ નથી આવી શકતો. સંભવ છે કે જે વાતને આપણે બહુ નાની સમજતા હોઇએ તે બીજાને મન બહુ મોટી હોય. સહાનુભૂતિપૂર્વક ધીરજપૂર્વક તેની વાત સાંભળો અને જે પ્રકારે એનું જેટલું દુઃખ ઓછું કરવામાં તમે સહાયતા કરી શકો એમ હો તેટલું કરો.

આપણી ઉપર કોઇ કષ્ટ આવે ત્યારે એમ સમજવું કે તે ભાગ્યે મોકલેલું આપણી સેવાવૃતિને વિકસિત કરવા માટે આપ્યું છે. કષ્ટ ભોગવનાર બીજાના કષ્ટનો ખ્યાલ લાવીને તેની સેવા કરવા માટે તૈયાર થઇ શકે છે. ભકિત ભોગી સિવાય બીજાને અનુપાન થવું કઠિન છે.

કોઇ પણ સ્થિતિમાં એમ ન સમજો કે મારે બીજા કોઇની સહાયતાની જરૂર નથી. સંસારમાં કોઇપણ માણસનું કાર્ય પરસ્પર એક બીજાની સહાયતા વગર નથી થઇ શકતું, અને જો આપણું જીવન બીજાની સહાયતા ઉપર જ નિર્ભર છે તો પછી આપણે પણ હમેશાં યથાશકિત બીજાની સેવા કરવા માટે તૈયાર રહેવું જોઇએ.

---

વશ્યક છે. એટલું લખવું યથેષ્ટ લાગે છે કે શ્રી મહાવીરસ્વામી પછી આજ લગભગ પચીશ શતાબ્દિ તક જૈન લોકો ધાર્મિક ઉદારતાની સાથે સાહિત્યની સેવા કરી રહેલ છે. જૈનાચાર્યગણ મહત્ત્વપૂર્ણ અજૈન ગ્રંથના નામ લઇ પોતે સારા સારા કાવ્યો રચ્યા છે. અગીયારમી શતાબ્દિમાં શ્રી જિનેશ્વર સૂરિએ " જૈનનૈષધીય " નામના એક સુંદર કાવ્યની રચના કરી છે. શ્રી જયશેખરસૂરિએ " જૈન કુમારસંભવ " લખેલ છે કે જેમાં તેઓની વિદ્વત્તા પ્રકટ થાય છે. " જૈનમેઘદૂત "ની રચના પણ પ્રશંસનીય છે. ભારતવર્ષના અન્ય વિદ્વાનોમાં કોઇ ઠેકાણે આવા પ્રકારની ઉદારતાના દૃષ્ટાંતો મળી શકશે નહિ.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે દિવસે ઉચ્ચ શ્રેણીની તેમજ અધિક સેવા કરવાનો સુઅવસર મળે તે દિવસે ખૂબ પ્રસન્ન થાઓ અને એમ ઇચ્છો કે ભગવાન એ રીતે તમને સેવામાં નિમિત્ત બનાવતા રહે.

સેવાનો સુઅવસર ન મળે તો દુઃખી થઇને પરમાત્માને પ્રાર્થના કરો કે હે ભગવાન મારો ! કશો અપરાધ હોય તો ક્ષમા કરો અને મને સેવા કરવાનો સુઅવસર આપો.

જે માણસ સેવા કરાવે છે અને સેવા કરવા ઇચ્છતો નથી તે મંદભાગી અથવા અભાગી ગણાય છે. બડભાગી તો એ છે કે જે સેવા કરતા કરતા કદી પણ થાકતો નથી અને પોતે જે કાંઈ સેવા કરે છે તેને પોતાનું અહોભાગ્ય સમજે છે.

કોઇ પણ માણસમાં કોઇ પણ સદ્ગુણનો અભાવ જણાય અને તે સદ્ગુણ તમારામાં હોય તે તમારા વર્તનથી તેની સામે તે સદ્ગુણ રાખો અને તે પણ એવી રીતે રાખો કે જેનાથી તે તે સદ્ગુણ ગ્રહણ કરે.

કોઈ પણ માણસની એવી સેવા ન કરો કે જેનાથી તે ઉચ્ચ ધ્યેયથી પડી જાય, કર્તવ્યથી વિમુખ થઇ જાય, વિલાસી બની જાય, ઈશ્વરથી વિમુખ થઇ જાય, સદાચારથી ભ્રષ્ટ થઇ જાય, એવી સેવા એ સેવા નથી.

આપણી કરેલી સેવાથી અભિમાન આવવા લાગે તો આપણાથી વધારે સેવા કરનારની સેવાનો ખ્યાલ કરવો. એવું કદી પણ ન માનો કે આપણા કરતાં સારો સેવાધર્મી કોઇ છે જ નહિ. દુનિયામાં આપણી અપેક્ષાએ અધિક અને ઉંચી સેવા કરનાર કોણ જાણે કેટલાય થઈ ગયા હશે, અત્યારે હશે અને ભવિષ્યમાં કેટલાય થશે.

સામાજિક કાર્યોમાં જે પ્રથા બીનજરૂરી હોવા સાથે ખૂબ જ ખર્ચાળ હોય અને જે પરાણે નભાવવાની ફરજ પડે છે તેને પોતાના ઘરમાંથી બંધ કરો. કોઇને કંઇ પણ સારૂ નરસું ન કહો. એક વાર સમાજમાં તમારૂં બદનામ થશે, લોકો કોઇ સારૂં-નરસું પણ બોલશે; પરંતુ તમારી એ સેવાને ભવિષ્યમાં સમાજ ઘણા જ આદરની દૃષ્ટિથી જોશે.

બીજા લોકોને જે સેવા કરવામાં ભય લાગતો હોય અથવા ઘૃણા થતી હોય તે સેવા સાહસપૂર્વક જરૂર કરવી જોઇએ. વિશ્વાસ રાખો કે ખરા હૃદયની સેવાથી આપણું કંઇપણ અનિષ્ટ નથી થવાનું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સેવા કરતી વખતે જે માણસ પોતાની જાતને સેવ્ય કરતા મોટી સમજે છે તેનાથી સાચી સેવા નથી થઇ શકતી.

આપણા કર્મચારી, સેવક કે મજુરને આળસુ, પ્રમાદી, મૂર્ખ, કામચોર, ભ્રષ્ટાચારી તથા નશાબાજ બનવા ન દેવાં. આપણા પ્રેમપૂર્વક વર્તાવ અને ઉત્તમ આદર્શથી તેને સદાચારી, નિર્વ્યસની, કર્તવ્યપરાયણ, બુદ્ધિમાન અને આજ્ઞાકારી બનાવી દેવા એ તેની મહાન સેવા છે.

મિત્ર અથવા સંબંધીને ઉન્માર્ગે જતાં અટકાવી સન્માર્ગે લાવવા એ તેની મહાન સેવા છે.

પોતનાં શરીર, મન તથા ઇન્દ્રિયોને કાબૂમાં રાખીને વિષયોનો ભોગ કરવો એ સમાજની મહાન સેવા છે.

આવશ્યકતાથી વધારે સંગ્રહ ન કરવો એ પણ સમાજની મહાન સેવા છે. સત્ય અને ન્યાયમાર્ગથી દ્રવ્ય મેળવીને તેને ગરીબોની સેવામાં યથા-યોગ્ય વાપરવું તે સમાજની મહાન સેવા છે.

વાદી પ્રતિવાદી વચ્ચે તેઓને અદાલતે ન ચડવા દેવાં, અંદર-અંદર સમાધાન કરાવી દેવું એ સમાજની મહાન સેવા છે.

આપણા પોતાના સરલ અને શુદ્ધ પ્રેમ, ત્યાગ તથા સહાનુભૂતિથી ભરેલા સદાચરણ તેમજ સદ્‌વ્યવહારોદ્વારા ભગવાન પ્રત્યે લોકોનો વિશ્વાસ વધારવો તે તેઓની મહાન સેવા કરવા બરાબર છે.

મનની અંદર કોઇપણ પ્રકારે ધન, માન, મોટાઇ વગેરેની કામના અથવા લોભ ન રાખતાં શુદ્ધ ધાર્મિક ભાવોનો સદાચારનો તથા સર્વભૌમ પ્રેમનો પ્રચાર કરવો એ મહાન સેવા છે.

બાળકોને ખરાબ ટેવોમાં પડતાં બચાવવા તે મનુષ્યજાતિની મહાન સેવા છે.

પરમાત્માએ કેટલાય પ્રકારે સેવાની વ્યવસ્થા આપણે માટે કરી રાખી છે. પ્રકૃતિના તત્ત્વોને આપણી સેવામાં નિયુક્ત કરી રાખવામાં આવ્યા છે. પૃથ્વી તત્ત્વ આપણને આધાર આપે છે અને અન્નાદિ ઉપજાવવાની વ્યવસ્થા કરે છે, જળતત્ત્વ આપણી તૃષા છીપાવે છે, આપણી મલીનતાઓ ધુએ છે અને અન્નાદિમાં રસનો સંચાર કરે છે. અગ્નિતત્ત્વ ઠંડીનું નિવારણ કરે છે, બહાર તેમજ અંદર પરિપાક કરે છે, અને આપણને પ્રકાશ આપે છે. વાયુતત્ત્વ તાપ દૂર કરે છે, પ્રાણધારણમાં સહાયતા કરે છે, આકાશતત્ત્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણને અવકાશ આપે છે. એ રીતે ઇન્દ્રિય, મન અને વૃદ્ધિતંત્ત્વથી આપણી નિરંતર સેવા થઇ રહી છે. આપણે પણ એ બધાનું અનુકરણ કરીને સૌની સેવામાં તત્પર રહેવું જોઇએ.

સેવા કરનારે ગીતાજીનો નીચેનો શ્લોક બરાબર યાદ રાખવો જોઇએ, અને તે અનુસાર સાત્ત્વિક ભાવે સેવા કરવી જોઇએ.

मुक्तसंगोऽनहंवादी धृत्युत्साहसमन्वितः ।
सिद्धयसिद्ध्यो निर्विकारः कर्ता सात्विक उच्यते ।

જે પુરૂષ આસક્તિ રહિત હોય છે, મેં કર્યું એવું વિચારનાર કે કહેનાર નથી, ધીરજ તથા ઉત્સાહથી ભરેલો છે, કાર્યની સિદ્ધિ અને અસિદ્ધિમાં જેના મનમાં હર્ષ કે શોકનો વિહાર નથી થતો તેને જ સાત્ત્વિક કહેવામાં આવે છે. ચાલુ

**શ્રીયુત ભોગીલાલભાઈ તારાચંદ ઝવેરીનો સ્વર્ગવાસ**—માત્ર ચાર જ દિવસની સામાન્ય બિમારી ભોગવી શ્રીયુત ભોગીલાલભાઇ શ્રાવણ સુદ ૯ મંગળવારનો રોજ અમદાવાદમાં સ્વર્ગવાસ પામ્યા છે. ઝવેરી ભોગીલાલભાઇએ પોતાનું આખું જીવન દેવ, ગુરૂ અને ધર્મની સેવામાં વ્યતીત કર્યું હતું. ઝવેરાત વગેરેના પોતાના વ્યાપારમાં સ્વકમાઈથી લક્ષ્મી મેળવી, અનેક ધાર્મિક ખાતાઓમાં લક્ષ્મીનો સદ્વ્યય કરી મનુષ્ય જન્મનું સાર્થક કર્યું હતું. અમદાવાદ શહેરના જૈન સમાજમાં તેઓશ્રી અગ્રગણ્ય હતા. શ્રાવકકુળભૂષણ જૈન નરરત્ન તરીકેની તેઓની કારકીર્દી ઉજ્જવલ હતી. સ્વભાવે સરલ, હૃદયી, મધુરભાષી, મિલનસાર હતા. આ સભાના ઘણા વર્ષોથી તેઓ માનવંતા લાઇફ મેમ્બર હતા. સભા ઉપર પણ તેઓશ્રીનો અનુપમ પ્રેમ હતો જેથી અમદાવાદ જૈન સમાજની જેમ આ સભાને એક લાયક ધર્મપ્રેમી સભાસદની ખોટ પડી છે. તેઓશ્રીના કુટુંબ અને સુપુત્ર કનૈયાલાલભાઇને દિલાસો દેવા સાથે તેઓશ્રીના સ્વર્ગવાસી આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ એમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વીશ સ્થાનક તપ પૂજા ( અર્થ સાથે. )

## ( વિસ્તારપૂર્વક વિવેચન તથા મંડળ સહિત. )

વિસ્તારપૂર્વક વિધિ વિધાન, નોટ, ચૈત્યવંદન, સ્તવનો, મંડળ વગેરે અને સાદી સરલ ગુજરાતી ભાષામાં અર્થ સહિત અમોએ પ્રકટ કરેલ છે. વીશ સ્થાનક તપ એ તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરાવનાર મહાન તપ છે. તેનું આરાધન કરનાર બ્હેન તથા બંધુઓ માટે આ ગ્રંથ અતિ મહત્વનો અને ઉપયોગી છે. શ્રી વીશ સ્થાનક તપનું મંડળ છે તેમ કોઇ અત્યાર સુધી જાણતું પણ નહોતું, છતાં અમોએ ઘણી જ શોધખોળ કરી, પ્રાચીન ઘણી જ જૂની તાડપત્રની પ્રત ઉપરથી મોટો ખર્ચ કરી, ફોટો બ્લોક કરાવી તે મંડળ પણ છપાવી આ બુકમાં દાખલ કરેલ છે. આ એક અમૂલ્ય ( મંડળ ) નવીન વસ્તુ જિનાલય, ઉપાશ્રય, જ્ઞાનભંડાર, લાઇબ્રેરી અને ઘરમાં રાખી પ્રાતઃ-કાળમાં દર્શન કરવા લાયક સુંદર ચીજ છે.

ઉંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઈપમાં છપાવી સુશોભિત બાઈડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે છતાં કિંમત બાર આના માત્ર રાખવામાં આવેલી છે. પોસ્ટેજ જુદું.

## શ્રી તીર્થંકર ચરિત્ર ( ભાષાંતર )

### શ્રી અમરચંદસૂરિકૃત મૂળ ગ્રંથનું શુદ્ધ અને સરલ ભાષાંતર.

### ( છપાય છે )

આ ગ્રંથ જેમાં ચોવીશ તીર્થંકર ભગવાનના ઘણા સંક્ષિપ્તમાં ચરિત્રો આપવામાં આવેલ છે. આટલા ટુંકા, અતિ મનોહર અને બાળજીવો સર-લતાથી જલદીથી કંઠાગ્ર પણ કરી શકે તેવા સાદા, સરલ સુંદર ચરિત્રો આ ગ્રંથમાં છે. જૈન પાઠશાળા, કન્યાશાળા, જૈન વિદ્યાલયમાં ઐતિહાસિક શિક્ષણ તરીકે ચલાવી શકાય તેવું છે, **મદદની જરૂર છે. આ.ર્થિક સહાય આપનારની ઇચ્છા મુજબ અલ્પ કિંમતથી કે વિના મૂલ્યે સભાના ધારા પ્રમાણે ભેટ પણ આપી શકાશે.**

## શ્રી સ્તોત્રસંદોહઃ—

નિરંતર પ્રાતઃકાળમાં સ્મરણીય, નિર્વિઘ્નપણું પ્રાપ્ત કરાવનાર, નિત્ય પાઠ કરવા લાયક નવસ્મરણો સાથે બીજા પ્રાચીન ચમત્કારિક પૂર્વાચાર્યકૃત દશ સ્તોત્ર, મળી કુલ ૧૯ સ્તોત્રો, તથા રત્નાકર પચ્ચીશી, અને બે યંત્રો વિગેરેનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલ છે. ઉંચા કાગળો, જેની સુંદર અક્ષરોથી નિર્ણયસાગર પ્રેસમાં છપાએલી, સુશોભિત બાઇંડીંગ અને શ્રી મહાવીરસ્વામી તથા ગૌતમસ્વામી બે પૂજ્યપાદ ગુરૂ મહારાજાઓની સુંદર રંગીન છબીઓ પણ ભક્તિનિમિત્તે સાથે આપવામાં આવેલ છે, આટલો મોટો સ્તોત્રોનો સંગ્રહ, અને આટલી છબીઓ અને સુંદરતા છતાં સર્વ કોઇ લાભ લઇ શકે જે માટે મુદ્દલથી પણ ઓછી કિંમત માત્ર રૂા. ૦–૪–૦ ચાર આના. (પોસ્ટેજ જુદું) રાખેલ છે. પર્યુષણાપર્વ નજીક આવતા હોવાથી પ્રભાવના કરવા લાયક છે. ( નિત્ય સ્મરણ કરવા લાયક હોવાથી ) લાભ લેવા જેવું છે.

લખોઃ—

**શ્રી. જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

## અમારૂં પ્રકાશન ખાતું.

### છપાયેલા ગ્રંથો (મૂળ)

| | | |
|---|---|---|
| ૧ | શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ–પ્રથમ અંશ. | રૂ. ૩–૮–૦ |
| ૨ | શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ દ્વિતીય અંશ. | રૂ ૩–૮–૦ |
| ૩ | શ્રી બૃહત્કલ્પસૂત્ર પ્રથમ ભાગ. | રૂ. ૪–૦–૦ |
| ૪ | શ્રી બૃહત્કલ્પસૂત્ર બીજો ભાગ. | રૂ. ૬–૦–૦ |
| ૫ | શ્રી દેવેન્દ્રસૂરિરચિત ટીકા ચાર કર્મગ્રંથ (શુદ્ધ) | રૂ ૨–૦–૦ |

### છપાતાં ગ્રંથો.

૬ શ્રી વસુદેવહિંડિ ત્રીજો ભાગ. ૭ પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ.

૮ શ્રી ગુણચંદ્રસૂરિકૃત શ્રી મહાવીર ચરિત્ર. ભાષાંતર

### ગુજરાતી ગ્રંથો.

૧ શ્રી સામાયિક સૂત્ર, મૂળ ભાવાર્થ વિશેષાર્થ સહિત. રૂ. ૦–૨–૬

૨ શ્રી દેવસિરાઈ પ્રતિક્રમણ ,, , રૂ. ૦–૧૦–૦

૩ શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર ,, ,, ગુજરાતી તથા શાસ્ત્રી બંને અક્ષરોવાળા (શ્રી જૈન એજ્યુકેશનબોર્ડ જૈન પાઠશાળાઓ માટે મંજુર કરેલ). રૂ. ૧–૪–૦ રૂ. ૧–૧૨–૦.

૪ શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર અને સમરસિંહ. રૂ. ૦ ૨–૦

૫ શ્રી શત્રુંજય તીર્થ વર્તમાન ઉદ્ધાર અને કર્માશાહ. રૂ ૦-૪–૦

### અર્ધી કિંમતે.

શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિના શુભ પ્રસંગે સં. ૧૯૯૨ ના ચૈત્ર શુદી ૧ થી બાર માસ માટે શ્રી આત્મારામજી મહારાજકૃત નીચેના પુસ્તકો અર્ધી કિંમતે આપવામાં આવશે (સીલીકમાં હશે ત્યાં સુધી).

| | મૂળ કિંમત. | અર્ધી કિંમત |
|---|---|---|
| તત્ત્વનિર્ણયપ્રાસાદ. | ૧૦–૦–૦ | ૫–૦–૦ |
| જૈનધર્મવિષયક પ્રશ્નોત્તર. | ૦–૮–૦ | ૦-૪–૦ |
| આત્મવલ્લભ સ્તવનાવળી. | ૦–૬–૦ | ૦–૩–૦ |

લખોઃ—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only